મૌન બધાના માટે સારું જ છે પણ જે કામમાં ડૂબેલો છે એના માટે તો તે ઉત્તમ છે
- ગાંધીજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૯૩ | ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૨, શનિવાર; નિજ ભાદરવા સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વિધાનસભાની ચૂંટણી માટે તંત્ર હવે સજ્જ

## ૨૯મીએ વિડીયો કોન્ફરન્સ યોજાશે ત્યારબાદ ઓક્ટો.ના પ્રથમ સપ્તાહમાં જાહેરાતના સંકેત

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજવા અંગેની જાહેરાત કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા એકાદ સપ્તાહમાં જ કરવામાં આવે તેવા સંકેતોને લઈ જિલ્લાના વહીવટીતંત્રોએ ચૂંટણીની તૈયારીઓ પર તેમનું ધ્યાન કેન્દ્રીત કરી દીધુ છે.

પંચના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આગામી ૨૯મીના રોજ ગુજરાતનો હવાલો ધરાવતા નાયબ ચૂંટણી કમિશનર શ્રી વિનોદ ઝુત્સીએ રાજ્યના તમામ કલેક્ટરો અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે એક સંયુક્ત વિડીયોકોન્ફરન્સ રાખી છે. જેમાં ચૂંટણીની તૈયારી અંગેની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે ૨૯મીની વિડીયોકોન્ફરન્સને લઈ આજે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ અનીતા કરવાલ દિલ્હી પહોંચી ગયા છે અને તેમણે પણ પંચને રાજ્યમાં ચાલી રહેલી તૈયારીઓ અંગે પંચને વિગતવાર અહેવાલ આપ્યો છે.

પંચ દ્વારા ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા માટે ૧૬ જેટલા મુદ્દાઓ અલગ તારવી અને તેમાં થયેલી કાર્યવાહી અંગેની વિગતો માંગી હોવાની જાણવા મળેલ છે.

પંચે વલનરેબલ મેપીંગને લઈ પણ તંત્ર પાસે વિગતો માગી છે. પંચે વિધાનસભાની તમામ બેઠકોનું આ મેપીંગ માગ્યુ હોવાથી ચૂંટણી તબક્કાવાર યોજાશે તેમ મનાઈ રહ્યું છે. આ ઉપરાંત પંચે આ વખતે ખર્ચનિયંત્રણના મુદ્દે પણ કડક વલણ અખત્યાર કરવાનો નિર્દેશ આપી એક્સપેન્ડીયર મોનીટરીંગની ટીમો રચવા અને તે કર્મચારીઓને તાલિમ આપવા માટે પણ જણાવી દેવામાં આવ્યું છે.

પંચે નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે ૧૬ જેટલી સમિતિઓ બનાવવા તેમજ ચૂંટણી કર્મચારીઓની નિમણુંક સહિતની બાબતો અંગેની વિગતો માંગી છે. રાજ્યમાં પોલીસ ઉપરાંત કેટલા સુરક્ષા બળોની જરૂરિયાત થશે તે માટે જી.જી. અને ગૃહસચિવ સાથે વાતચીત કર્યા બાદ નિર્ણય લેવામાં આવશે.

પંચ દ્વારા વિભાગવાર રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીની સમીક્ષા પૂરી કરી દીધી છે હવે વિડીયો કોન્ફરન્સ દ્વારા આ સમીક્ષા કરવાના નિર્ણયને લી પંચ ઝડપથી ચૂંટણીની ઘોષણા કરે તેમ મનાઈ રહ્યું છે.



ગાંધીનગરમાં ગણેશ મહોત્સવની ધૂમ મચી છે. નીત નવા કાર્યક્રમો આ મહોત્સવ દરમ્યાન થઈ રહ્યા છે ને મોટી સંખ્યામાં રસિકો, ભાવિકો, નાગરિકો એમાં ભાગ લઈ રહ્યા છે. સે. ૨૨ ખાતે આયોજિત ગણેશ મહોત્સવ અંતર્ગત શુક્રવારે બપોરે જ્યોતિ મહિલા મંડળ દ્વારા બહેનો માટેની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. હલ્દી કંકુ, ભજન સ્પર્ધા, આરતી થાળી સુશોભન, કળશ શણગાર જેવી અનોખી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જવલ્લેજ યોજાતી આવી સ્પર્ધાઓ જોવા માટે ને એમાં ભાગ લેવા માટે પણ મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. સ્પર્ધા બાદ જોવા મળેલાં અનેક સુંદર દ્રશ્યો પૈકીનું એક દ્રશ્ય અહીં પ્રસ્તુત છે. **(તસવીર : દિપક જાની)**

# શહેરમાં વધુ ૩ ડેન્ગ્યુના કેસ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેર અને જિલ્લામાં વરસાદે વિરામ લીધા બાદ હવે ડેન્ગ્યુના કેસો છુટા છવાયા નોંધાઈ રહ્યા છે. સે. ૭માં આવેલ એક ખાનગી ક્લીનીકમાં ત્રણ કેસ ડેન્ગ્યુના નોંધાયા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ નોંધાયેલા કેસોમાં એક મહિલાનો સમાવેશ થાય છે. બીજી તરફ ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં પણ ડેન્ગ્યુના બે કેસ નોંધાયા હોવાની વિગતો બહાર આવી છે. જેમાં પણ એક મહિલા દર્દી હોવાનું જાણવા મળેલ છે.

**કલોલમાં પણ ૨ કેસ નોંધાયા**

ડેન્ગ્યુના મચ્છર દિવસ દરમ્યાન કરડતા હોય છે. ડેન્ગ્યુ અને મેલેરિયાના મચ્છરોનો ઉપદ્રવ વરસાદ રોકાતાં જ શરૂ થઈ જવા પામ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી તો ભેજનું પ્રમાણ વાતાવરણમાં જે જણાય છે તે જોતાં આ વખતે મચ્છરોનો ઉપદ્રવ વધુ થવાની સંભાવનાઓ છે.

જો કે જિલ્લાતંત્ર પરિસ્થિતિ પર સંપૂર્ણ ચાંપતી નજર રાખી રહ્યાનો દાવો કરી રહ્યું છે. તંત્ર દ્વારા આ અંગે સર્વેલન્સ તેમજ એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવવામાં આવી છે. તંત્રએ આ વખતે પોરાનાશક કામગીરી પણ સઘન કરી છે.

જિલ્લાતંત્રએ મેલેરિયા વિરોધી કામગીરીને અસરકારક બનાવવા ઉપરાંત મચ્છરોની ઉત્પત્તિ થતી અટકે તે માટે લોક-જાગૃતિના પણ વિવિધ કાર્યક્રમો યોજ્યા હતા એટલુ જ નહિ મચ્છરોનો કરીએ સફાયો તેવા પોષ્ટરો અને બેનરો બનાવી જાહેરમાર્ગો પર લગાવ્યા છે જે નોંધનીય છે.

# ગુજરાતની ૪૧ બેઠકો ભાજપ અને કોંગ્રેસને ધોળે દિવસે તારા બતાવશે

## હાલના મંત્રીઓ અને ધારાસભ્યોને જીતવા માટેના વ્યૂહ બદલવા પડશે

**(વિશેષ પ્રતિનિધિ દ્વારા)** ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતમાં પ્રથમવાર નવા સિમાંકન પ્રમાણે ચૂંટણી યોજાવાની હોવાથી જ્ઞાતિના આધારે ઉમેદવારો ઉભા રાખવાની દરેક પાર્ટીઓને ફરજ પડશે, કારણ કે વર્ષોથી જે બેઠક ઉપર જે ઉમેદવાર વિજયી થતાં હતા તે ફરીથી ઉભા રહે તો હારી જાય તેવી પરિસ્થિતિ છે.

ભારતના ચૂંટણી પંચે ૧૦ ટકા વધ-ઘટને ધ્યાને રાખીને તમામ મત વિસ્તારોમાં ૧.૭૫ લાખ મતદારોને સરખા રાખવાનો પ્રયાસ કર્યો છે, પરિણામે સંખ્યાબંધ બેઠકોના મતદારો બદલાઈ ચૂક્યાં છે. ઉદાહરણ તરીકે જોઈએ તો અમદાવાદના ખાડિયાની બેઠક લુપ્ત થઈ છે અને જમાલપુરની બેઠક બની છે તેથી હવે આ બેઠક ઉપર હિન્દુ કરતાં મુસ્લિમ ઉમેદવારને સફળતા મળે તેવા સંજોગ ઉભા થયા છે.

ગાંધીનગરમાં ઉત્તર અને દક્ષિણ એમ બે બેઠકો થઈ છે, એકમાં શહેરી વિસ્તાર અને બીજામાં ગ્રામ્ય વિસ્તાર આવે છે. હવે જ્ઞાતિ અને જાતિ પ્રમાણેના જૂના સમીકરણો ચાલી શકે તેમ નથી તેથી ઉમેદવારોની પસંદગી અઘરી બનશે.

નવા સિંમાકન પ્રમાણે ૪૧ બેઠકો રદ થઈ છે અને તેની જગ્યાએ નવી બેઠકો આવી ગઈ છે. ૧૭ બેઠકો અનામત બની જતાં ઉમેદવાર પસંદગીની પ્રક્રિયાને અસર થશે. કોંગ્રેસના ૧૫ અને ભાજપના ૨૫ હયાત ધારાસભ્યોને મુશ્કેલી છે જેમાં પાંચ મંત્રીઓ અને એક પૂર્વ મંત્રીનો સમાવેશ થાય છે. એનસીપીના પ્રમુખ અને ધારાસભ્ય જયંત બોસ્કીના મત વિસ્તારમાં મતદારો બદલાયા છે.

કડી બેઠક અનામત થતાં મંત્રી નિતીન પટેલને બીજી બેઠક શોધવી પડે તેમ છે. એ જ પ્રમાણે અસારવા અનામત થતાં પ્રદિપસિંહ જાડેજા માટે મુશ્કેલી છે. અમિત શાહ, વજુભાઈ વાળા, પુરૂષોત્તમ સોલંકી અને જસવંતસિંહ ભાભોરની બેઠકોને અસર થઈ છે. નવું સિમાંકન કોંગ્રેસ અને ભાજપના પ્રદેશ નેતાઓને આંખે પાણી લાવી દે તેવું છે.



# બનાસકાંઠામાં મુખ્યમંત્રીની યાત્રામાં મહેરામણ ઉમટ્યો

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે ઉત્તર ગુજરાતના સરહદી વિસ્તાર બનાસકાંઠાના દીઓદરથી શરૂ થયેલી વિવેકાનંદ યુવા વિકાસયાત્રામાં કોંગ્રેસની જનતાની છેતરપિંડી સામે જન-જનના આક્રોશની અભિવ્યક્તિ તરીકે મોદીને અભૂતપૂર્વ જનસમર્થન મળ્યું હતું.

કચ્છથી આજે બપોરે દીઓદરમાં કાળઝાળ ગરમીમાં પણ વિશાળ માનવમહેરામણ યાત્રાના પ્રસ્થાન વેળાએ ઉમટ્યો હતો. મુખ્યમંત્રીએ જનમેદની સાથે સીધા સંવાદની શૈલીમાં કોંગ્રેસની ભાગલા પાડો ને રાજ કરોની દિશા અને ભાજપાની સૌનો સાથ-સૌનો વિકાસની દિશામાં કોની પસંદગી કરશે એના સમર્થનમાં ભાજપાને વિશાળ ટેકો મળ્યો હતો.

**સ્વતંત્ર બંગલો ભાડે આપવાનો છે**

કંપની / બેંક અધિકારીને લાયક, 4BHK GSPC ગેસ કનેક્શન, ૨૪ કલાક પાણી, રાયસણ પેટ્રોલ પંપની પાછળ, BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિર સામે, કોબા-ગાંધીનગર હાઈવે

**સંપર્ક : ૯૫૭૪૩ ૨૯૯૨૯ ૯૪૨૬૩ ૨૯૮૧૮**

# વાવોલ-ઉવારસદ માર્ગનું રૂ. ૬.૩૦ કરોડના ખર્ચે મજબૂતિકરણ કરાશે

## ગાબડાગ્રસ્ત માર્ગનું મજબૂતીકરણ હાથ ધરાશે ફાટકથી ગામ વચ્ચે પણ સી.સી. રોડ બનશે

ગાંધીનગર, તા. ૨૧

છેલ્લા ઘણા સમયથી ગાબડાગ્રસ્ત બનેલા વાવોલ-ઉવારસદ માર્ગનું મજબુતીકરણ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. આ કામગીરી પાછળ રૂ. ૬.૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. ૮.૭ કિ.મી.ના આ માર્ગ સુધારણાને અનુલક્ષી ફાટકથી ગામ વચ્ચે પણ સી.સી. રોડ બનાવવામાં આવશે.

શહેરી વિસ્તારમાં પણ વરસાદી દિવસોના અંતે માર્ગ સુધારણાની કામગીરી પુનઃ હાથ ધરવામાં આવનાર છે. શહેરના આંતરિક માર્ગોના મજબુતીકરણ પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જ્યારે શહેરના રસ્તાઓને ચકાચક બનાવવા ઉપરાંત જિલ્લાને જોડતા વિવિધ માર્ગોના નવીનીકરણ માટે પણ તબક્કાવાર વિભાગ કક્ષાએથી દરખાસ્તને મંજુરી આપવામાં આવી રહી છે. અગાઉ કલોલ-સાણંદ માર્ગના મજબૂતીકરણને ધ્યાને લઈને કામને વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. જ્યારે છેલ્લા ઘણા સમયથી ઉપડ-ખાબડ બનેલા વાવોલ-ઉવારસદ માર્ગને લીસો બનાવવા પણ ટૂંકમાં કામ હાથ ધરાશે. વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર ૮ કિ.મી. થી વધુ લાંબા આ માર્ગને સુધારવા ૬૩૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. આમ મરામત હેઠળ હાથ ધરાનારી આ કામગીરી અન્વયે વાવોલ ગામના ફાટકથી ગામ વચ્ચેના માર્ગને સમથળ બનાવવા સી.સી. રોડનું કામ હાથ ધરાશે. જેના પરિણામે આ જિલ્લામાં સ્થિત સોસાયટીઓના રહીશોને વરસાદી પાણીના ભરાવાની સમસ્યામાં રાહત થશે.

